ગાંધીનગર સમાચાર

ગુજરાતને દુષ્કાળગ્રસ્ત જાહેર કરો : સિદ્ધાર્થ પટેલ



## ખ્રિસ્તી ધર્મના ધર્માધ્યક્ષનો અભિવાદન સમારોહ

ગાંધીનગરના સેક્ટર-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે ખ્રિસ્તી ધર્મના મહાધર્માધ્યક્ષ રેવ. થોમસ મેકવાનનો અભિવાદન સમારોહ ભારે દબદબાપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં ધર્મના વડાઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગરનું સદ્દભાગ્ય છે કે, એક સાથે આટલી મોટી સંખ્યામાં ખ્રિસ્તી ધર્મના વડાઓ એકમંચ પર એકત્ર થયા હતા.

# પીએસઆઈ-એએસઆઈનું ફાઈનલ રીઝલ્ટ જાહેર

ગાંધીનગર, તા. ૧૨

આખરે વિવાદો અને ભ્રષ્ટાચારના આક્ષેપો વચ્ચે સપડાયેલી પી.એસ.આઈ. અને એ.એસ.આઈ.ની પરીક્ષાનું ફાઈનલ રીઝલ્ટ પોલીસ ભરતી બોર્ડે જાહેર કરી દીધું છે. જેમાં પીએસઆઈમાં જનરલ કેટેગરીનું સૌથી વધુ ૩૧૩ અને એસ.ટી. કેટેગરીમાં ૨૭૨ જ્યારે એ.એસ.આઈ.માં જનરલનું સૌથી વધુ ૨૮૧ અને એસટીનું ૨૪૬ એ મેરીટ અટક્યું છે.

પોલીસ ભરતી બોર્ડ દ્વારા રાજ્યના પોલીસ બેડામાં મોટી ઘટને દૂર કરવા મોટા પાયે પી.એસ.આઈ., એ.એસ.આઈ.ની વર્ગ-૩ની જગ્યાઓ પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૫ હજાર જેટલા ઉમેદવારોએ

### ગાંધીનગરનો ભાવેશ પરમાર એસ.સી. કેટેગરીમાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ

શારીરિક કસોટી પાસ કરી લેખિત પરીક્ષા આપી હતી.

આ પરીક્ષાની શરૂઆતથી વિવાદોમાં સપડાતા અનેક ભ્રષ્ટાચાર અને ચોરી તેમજ ભાઈ-ભતીજા વાદ સહિત ગેરરીતીના બનાવો બનવા પામ્યા હતા અને ભરતી બોર્ડ સામે પણ અનેક સવાલો ઉઠવા પામ્યા હતા. ને છેક આ મામલો હાઈકોર્ટમાં પણ પડકારાયો હતો.

તમામ વિવાદો વચ્ચે પોલીસ ભરતી બોર્ડે લેખિત પરીક્ષા અને ત્યાર બાદ મૌખિક પરીક્ષા (ઈન્ટરવ્યુ) થોડા સમય પહેલા લીધી હતી.

આખરે પોલીસ ભરતી બોર્ડે આજે પોલીસ સબ ઈન્સ્પેકટર અને એ.એસ.આઈ.નું ફાઈનલ રીઝલ્ટ જારી કરી સફળ ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરી છે. આ ફાઈનલ રીઝલ્ટમાં પી.એસ.આઈ.માં જનરલ કેટેગરીનુ ૩૧૩, એસ.સી.બી.સી.નું ૩૦૬, એસ.સી.નું ૩૦૨ અને એસ.ટી.નું ૨૭૩ જ્યારે એ.એસ.આઈ.માં જનરલનું ૨૮૧, એસ.સી.બી.સી.નું ૨૭૬, એસ.સી.નું ૨૭૩ અને એસ.ટી.નું ૨૪૬ એ મેરીટ જાહેર થયું હતું.

ઉલ્લેખનીય છે કે પોલીસ ભરતી બોર્ડ દ્વારા મોટા પાયે ભરતી કરવામાં આવતા આગામી સમયમાં રાજ્યના પોલીસ મહેકમમાં વધારો થવા પામશે અને પોલીસ વિભાગમાં ખાલી પદો પર પોલીસ અધિકારી કર્મચારીઓની નિમણુંક આપવામાં આવશે.

**પરિણામ**

| પીએસઆઈ | |
|---|---|
| જનરલ | ૩૧૩ |
| એસઈબીસી | ૩૦૬ |
| એસસી | ૩૦૨ |
| એસ.ટી. | ૨૭૨ |

| એએસઆઈ | |
|---|---|
| જનરલ | ૨૮૧ |
| એસઈબીસી | ૨૭૬ |
| એસસી | ૨૭૩ |
| એસ.ટી. | ૨૪૬ |



ક્ષમા વિરસ્ય ભૂષણમ્ - સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે આચાર્ય અરૂણોદયસાગર મહારાજ સાહેબે પર્યુષણ પર્વના ત્રીજા દિવસે 'ક્ષમા' વિષય પર મનનીય વ્યાખ્યાન આપ્યું હતું... ક્ષમા રાખો, ક્ષમા માગો અને ક્ષમા આપો... આ ત્રણેય વાક્યોનો વિસ્તૃત અર્થ સમજાવી જીવનનો મર્મ સમજાવ્યો હતો. અરૂણોદયસાગર મહારાજ સાહેબનું વ્યાખ્યાન સાંભળવા જૈન શ્રાવકો વહેલી સવારે દેરાસર પહોંચે છે... મહારાજ સાહેબ જૈન ધર્મના ઉંડા અભ્યાસી હોવા ઉપરાંત વર્તમાન જીવન સાથે સંકલન કરી જીવનસૂત્રો સમજાવે છે... (તસવીર : દિપક જાની)

# સે-૧૬ના રંગમંચનુ ટોકન ભાડુ ૧ રૂપિયો હતુ, હવે ૧૦ હજાર કરાયુ

ગાંધીનગર તા.૧૧

સેકટર-૧૬માં નગરના પ્રથમ રંગમચનું નવિની કરણ થયા બાદ તેના ભાડામાં તોંતિગ વધારો કરી આમ નાગરિકો પાસેથી જાણે રંગમંચની સુવિધા છીનવી લેવાની નિતિ અપનાવાય હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. સેકટરોમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને ધબકતી રાખવા એક સમયે રુપીયા એકના ટોકન ભાડા થી રંગમંચની સુવિધા ઉપ્લબ્ધ થતી હતી. રંગમંચના અસ્તિવનો ઈતિહાસ અને ઉપયોગીતા નો અભ્યાસ કર્યા વગર જ મહાનગરપાલિકા દ્વારા રુપિયા ૧૦ હજાર ભાડનો દર નિયત કરી દેવાયો છે. તે મામલે પણ આમ નાગરિકોનું હિત વિચારી પુનઃ ભાડાનો દર નિયત થાય તેવી માગ પણ શહેર વસાહત મહામંડળ દ્વારા કરવામાં આવી છે. જયારે રંગમંચના નવા નામાભિધાન દરમ્યાન ભોગ આપનાર સ્વાત્ર્ય સેનાની ઓ નામી કલાકારો અને નેતાઓ પણ ભુલાઈ ગયા હોવાની લાગણી પણ વ્યકત કરી છે.

### રંગમંચનો ઈતિહાસ અને ઉપયોગીતા ધ્યાને લીધા વિના તોતિંગ ભાડુ નિયત કરાયુ : શહેર વસાહત મહામંડળનો આક્રોશ : નવા નામાભિધાનમાં પણ નામી કલાકારો અને સ્વાતંત્ર્ય સેનાનીના નામ વિસરાયા

ગાંધીનગર શહેર વસાહત મહા મંડળના પ્રમુખ અરુણ બુચના જણાવ્યા મુજબ શહેરમાં સૌ પ્રથમ સેકટર-૧૬માં નિર્માણ કરાયેલા દાયકાઓ જુના રંગમંચ ના અસ્તિવ પાછળ નગરમાં કલા અને સંસ્કૃતિ સહિત મનોરંજનની પ્રવૃતિઓ ધમધમતી કરવાનો હતો.

કલાકારોને સ્ટેજ પુરુ પાડવા ઉપરાંત મધ્ય વર્ગ માટે લગ્ન સમારંભોનુંઆયોજન પણ રંગમંચના માધ્યમથી થતું હતું. રંગમંચ લક્ષી પ્રવૃતિઓ ધબકતી રાખવા માટે રુપીયા એકનું ટોકન ભાડું નિયત કરવામાં આવ્યું હતું. પરંતુ આજે ચુંટાયંલા પ્રતિનિધીઓએ રંગમંચનો

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતને દુષ્કાળગ્રસ્ત જાહેર કરો : સિદ્ધાર્થ પટેલ

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યમાં વરસાદ ખેંચાતા ગુજરાતને દુષ્કાળગ્રસ્ત જાહેર કરીને તાત્કાલિક યુદ્ધના ધોરણે રાહતના પગલા રાજ્ય સરકારે લેવા જોઈએ તેવી માંગણી પૂર્વ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ સિદ્ધાર્થ પટેલે કરી છે.

પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સિદ્ધાર્થ પટેલે ઉપરોક્ત માંગણી કરતાં જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં વરસાદ ખેંચાઈ ગયો છે અને ચોમાસુ નિષ્ફળ ગયું છે. ચાલુ વર્ષે ૫૦ ટકાથી પણ ઓછો વરસાદ સમગ્ર ગુજરાતમાં નોંધાયો છે. અને દુષ્કાળની પરિસ્થિતિ ઉભી થઈ છે. આ પરિસ્થિતિને જોતા સરકારે તાત્કાલીક ગુજરાતને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી જરૂરી રાહતના પગલા લેવાની શરૂઆત કરી દેવી જોઈએ.

ભાજપની સરકારને જાણે કે ખેડૂતોની ચિંતા જ ન હોય તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. તાજેતરમાં ઉભી થયેલી સ્થિતિના કારણે બેબાકળી બની ગયેલી ગુજરાત સરકાર પોતે જે વહીવટી નિર્ણયો તાત્કાલિક લેવા જોઈએ તે લેવામાં પણ પાછી પડી છે અને ખેડૂતોની હિતની સરકારે ભારોભાર ઉપેક્ષા કરી છે. તેવો આક્ષેપ પણ તેમણે કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં દર વર્ષે ૫ હજાર દર્દીઓને કેન્સર નિદાન થાય છે

ગાંધીનગર તા ૧૨

ગુજરાતમાં દરવર્ષે ૫ હજાર બ્લડ કેન્સરના દર્દીઓ ધ્યાનમાં આવે છે.બ્લડ કેન્સર અન્ય કેન્સર કરતા અલગ પ્રકારનુ હોવાથી તેમાં ઓપરેશન ભાગ્યે જ કરવાનુ થાય છે. પહેલાથી જ આખા શરીરમાં લોહીના માધ્યમથી ફેલાઈ જાય છે.બાળકોમાં પણ થતા આ કેન્સરની સારવાર ૮૦ ટકા કીસ્સામાં સફળ થાય છે. જયારે અન્ય સામાન્ય દર્દીઓમાં પણ બલ્ડ કેન્સરનો ક્યોર રેટ ૬૦ ટકાથી પણ વધુ છે. જો કે બે મહીનાના ટુંકા ગાળામાં સારવાર ન મળે તો દર્દીનુ મૃત્યુ પણ થઈ શકે છે. બ્લડ કેન્સર થવાના કારણો હજુ સુધી જાણી શકાયા નથી આ અંગેનું નિષ્ણાંતો દ્વારા રીસર્ચ કરવામાં આવી રહયુ છે.તેમ સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ વિભાગના ડાયરેકટર ડો ચિરાગ શાહે જણાંવ્યુ હતુ. આ મામલે અન્ય ડોકટરોમાં પણ હજુ જાગૃતિ કેળવાય તે અનિવાર્ય છે.વિવિધ ૨૫૦ પ્રકારના કેન્સરોમાંથી ૧૦ ટકા દર્દીઓ બ્લડ કેન્સરના હોય છે. એપોલો સી બી સી સેન્ટર દ્વારા બ્લડ કેન્સર જાગૃતિ મહીનાની ઉજવણી કરવામાં આવી રહી છે.બ્લડ કેન્સરના દર્દીની જીવલેણ તબક્કામાં પણ યોગ્ય સારવાર થાય તો સાજો થઈ શકે છે.બ્લડ કેન્સર પર જીતની ઉજવણી કરવા કેન્સરમાંથી ઉગરેલા દર્દીઓને એકત્ર કરી આ અંગે જનજાગૃતિ કેળવવા અને સમાજમાં સંદેશો આપવાના ઉમદા આશય સાથે કેન્સર એટલે કેન્સલ નહી તેવા અભિગમને વધુ મજબુત બનાવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે તા ૧૩ સપ્ટેમ્બરના રોજ એપોલો સી બી સી સેન્ટર ખાતે કેન્સર પર જીત હાંસલ કરી ચુકેલા દર્દીઓને એકત્ર કરી તેમના અનુભવો સોસાયટી સમક્ષ રજુ કરવામાં આવશે.

### દેશમાં ૨૫૦ પ્રકારના દર્દીઓ પૈકી ૧૦ ટકા બલ્ડ કેન્સરના દર્દીઓ : આજે એપોલોમાં બલ્ડ કેન્સર જાગૃતિ માસની ઉજવણી : કેન્સર વિજેતા દર્દીઓ એકછત્ર નીચે આવી સમાજને સંદેશો પાઠવશે

દુનિયાભરમાં સપ્ટેમ્બર મહીનો બ્લડ કેન્સર જાગૃતિ માસ તરીકે ઉજવાય છે. એપાલો સી બી સી કેન્સર સેન્ટરના સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ વિભાગના ડાયરેકટર ડો ચિરાગ શાહે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામે ૮ વર્ષ પુર્ણ કર્યા ત્યારે દર્દીઓને સાજા કરવામાં ૯૦ ટકાથી વધુ સફળતા મેળવી તેની ખુશી છે.સમયસર નિદાન અને ટેકનિકના ઉપયોગથી સફળતાના દરમાં નોધનીય ફેરફાર લાવી શકાય છે. બલ્ડ કેન્સર અંગે જાગૃતિ ફેલાવાના આશય સાથે સેન્ટર દ્વારા કેન્સરના દર્દીઓની જીતની ઉજવણી કરવામાં આવનાર છે. તા ૧૩ સપ્ટેમ્બરના રોજ કેન્સરના દર્દીઓને એક છત્ર નીચે લાવી સમાજ સુધી સંદશો આપવાનુ નવતર આયોજન કરવામાં આવ્યુ છે. બલ્ડ કેન્સરની જીવલેણ બિમારીમાંથી ઉગરી ગયેલા ૭૦ થી વધુ દર્દીઓ પોતાની પ્રેરણાત્મક વાતો

● અનુસંધાન પાન-૭ પર




પદયાત્રાનું કાઉન્ટ-ડાઉન - ભાદરવી પૂનમના આગમનના પગલે રાજ્યભરમાંથી માઈભક્તો હવે અંબાજી તરફ પગપાળા પ્રસ્થાન કરશે... સોમવારથી ગાંધીનગરના રાજમાર્ગો પર જયઅંબે - જયઅંબેના જયઘોષ સાંભળવા મળશે... અત્યારે પદયાત્રા સંઘો સાથેના વાહનોની સજાવટ ચાલી રહી છે... ભાવિકોમાં ભારે ઉત્સાહ વર્તાય છે...

# રાજ્યના કેટલાક વિસ્તારોમાં મેઘરાજાની મહેર : ખેડૂતોમાં આનંદની લાગણી

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યમાં ફરીને કેટલાક વિસ્તારોમાં મેઘરાજાની મહેર થવા પામી છે. જૂનાગઢ જિલ્લાના મેંદરડામાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાયાના અહેવાલો સાંપડ્યા છે.

રાજ્ય પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં ચાલુ વર્ષે વરસાદ ખેંચાતા રાજ્યના કેટલાક વિસ્તારોમાં માત્ર સરેરાશ આ વર્ષે ૫૦ ટકા જેટલો જ વરસાદ નોંધાવા પામ્યો છે.

છેલ્લા કેટલા સમયથી રાજ્યમાં વરસાદ ખેંચાતા કાળઝાળ ગરમીનો પ્રકોપ પડી રહ્યો છે. જોકે ફરી કેટલાક વિસ્તારોમાં મેઘરાજાની મહેર થવા પામી છે. જેના કારણે આ વિસ્તારોમાં ખેડૂતોમાં આનંદની લાગણી ઉઠવા પામી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સવારે સાત વાગ્યે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યના ૧૭ જિલ્લાના ૩૪ તાલુકાઓમાં વરસાદ નોંધાવા પામ્યો છે. જેમાં સૌથી વધુ જુનાગઢ જિલ્લાના મેંદરડામાં લગભગ ૪૬ મી.મી. કરતાં પણ વધુ વરસાદ નોંધાયાના અહેવાલો સાંપડ્યા છે. જ્યારે માણાવદરમાં ૩૪ મી.મી., વીસાવદરમાં ૧૧ મી.મી., ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડામાં ૧૮ મી.મી. તલાલામો ૧૬ મી.મી., અમરેલી જિલ્લાના બોભામાં ૧૪ મી.મી., લાઠીમાં ૧૮ અને અમરેલીમાં ૧૩ મી.મી. જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ આજે દિવસ દરમ્યાન પણ કેટલાક વિસ્તારોમાં છુટો છવાયો સામાન્ય વરસાદ નોંધાયાના અહેવાલો સાંપડ્યા છે.

**બેસણું**

અમારા પૂજ્ય પિતાશ્રી **કેશવલાલ નારણભાઈ પટેલ (વાવોલ)** હાલ ગાંધીનગરનું **તા. ૦૮-૦૯-૧૫**ના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું **તા. ૧૪-૦૯-૧૫** સોમવારના રોજ સવારના ૮ થી ૧૧ કલાકે રાખેલ છે.

લિ.
હસમુખલાલ કેશવલાલ પટેલ ( નિવૃત સિ.કા)
(સ.સ.ન.નિ.લિ, ગાંધીનગર)
હર્ષદકુમાર કેશવલાલ પટેલ (રહસ્ય સચિવ)
(સા.ન્યા.અને અ.વિ.સચિ.ગાંધીનગર)
મહેન્દ્રકુમાર કેશવલાલ પટેલ
(દિપેન સેલ્સ, ગાંધીનગર)

: સ્થળ :
શ્રી હરિપાર્ક સોસાયટી
પ્લોટ નં. ૧૦૩૬, સેક્ટર નં.૨/ડી
ગાંધીનગર મો. ૯૪૨૮૦૪૭૫૯૭

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com